(1) 'વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્ષ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ઈન્ડેક્ષ 'Reporters Without Borders' નામની સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવે છે.
(2) આ વર્ષના રિપોર્ટમાં ભારતનો ક્રમ 142મો છે.
(3) ચીન, પાકિસ્તાન તથા બાંગલાદેશના ક્રમ ભારત કરતાં પણ પાછળ છે.
(4) અન્ય વિસ્તારોની સાપેક્ષે દક્ષિણ એશિયાનું પ્રદર્શન સૌથી ખરાબ રહ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ 21 એપ્રિલના રોજ 'વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્ષ' જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ભારતનો ક્રમ 142મો છે. ભારતના સ્થાનમાં 2 અંકનો ઘટાડો નોંધાયો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ઈન્ડેક્ષ 'Reporters Without Borders' નામની સંસ્થા દ્વારા બનાવવામાં તથા પ્રસિદ્ધ કરવામાં આવે છે. તે પેરિસ સ્થિત એક બિન–નફાકારી સંસ્થા છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ વર્ષે આશરે 180 દેશોને ઈન્ડેક્ષમાં સમાવવામાં આવ્યા છે. ઈન્ડેક્ષ મુજબ સૌથી ખરાબ પ્રદર્શન કરનાર ક્ષેત્ર દક્ષિણ એશિયા રહ્યું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ પાકિસ્તાનનો ક્રમ 145મો, બાંગ્લાદેશનો 151મો તથા ચીનનો ક્રમ 177મો આવ્યો છે. પ્રથમ ક્રમ નોર્વેનો છે. 180મો ક્રમ ઉત્તર કોરીઆનો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'વિશ્વ પૃથ્વી દિવસ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ વર્ષની થીમ 'ક્લાઈમેટ એક્શન' છે.
(2) આ દિવસ 'વર્લ્ડ અર્થ ડે નેટવર્ક' દ્વારા ઉજવવામાં આવે છે.
(3) આ દિવસ ઉજવવાની શરૂઆત વર્ષ 1992ની 'અર્થ સમીટ' દરમિયાન થઈ હતી.
(4) પર્યાવરણીય સુરક્ષા દર્શાવવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ દર વર્ષે 22 એપ્રિલના રોજ 'વિશ્વ પૃથ્વી દિવસ' અથવા તો 'વર્લ્ડ અર્થ ડે' ઉજવવામાં આવે છે.

⇛ આ દિવસ ઉજવવાનો હેતુ પર્યાવરણીય સુરક્ષા દર્શાવવા માટેનો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વર્ષ 1970માં શાંતિ કાર્યકર્તા જ્હોન મેક્કોનલ દ્વારા આ દિવસ ઉજવવાની ભલામણ કરવામાં આવી હતી. આથી, વર્ષ 1970થી આ દિવસ ઉજવવામાં આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ દિવસ 'વર્લ્ડ અર્થ ડે નેટવર્ક' નામની સંસ્થા દ્વારા ઉજવવામાં આવે છે. આ ઉજવણીમાં 193 દેશ ભાગ લેશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ વર્ષની આ દિવસની થીમ : 'ક્લાઈમેટ એક્શન' છે. આ વર્ષે આ દિવસની 50મી વર્ષગાંઠ છે. આ વર્ષે આ દિવસની ઉજવણી 'ડિજિટલ મોબીલાઈઝેશન' દ્વારા કરવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) બ્રેન્ટ ક્રુડ તથા WTI (West Texas Intermediate) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) બ્રેન્ટ ક્રુડનો ઉદ્દભવ નોર્વે પાસે આવેલા ઉત્તરી સમુદ્ર (North Sea) પાસે થાય છે.
(2) WTIનો ઉદ્દભવ યુ.એસ. ઓઈલ ફિલ્ડમાંથી થાય છે.
(3) બ્રેન્ડ ક્રુડમાં WTI કરતાં સલ્ફરનું પ્રમાણ ઓછું હોય છે.
(4) બન્ને ક્રુડ ઓઈલ પ્રમાણમાં ભારે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4) (D) માત્ર (1) અને (4)

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ તાજેતરમાં WTI (West Texas Intermediate)નો બેરલ દીઠ ભાવ માઈનસ -40.32 ડોલર જેટલો થયો હતો, જે વૈશ્વિક ક્રુડ ઓઈલની કપરી પરિસ્થિતિ દર્શાવે છે. ઉપરાંત WTIનું આ સૌથી નીચું મૂલ્ય છે.

⇛ નોર્વેની નજીક આવેલ ઉત્તરી સમુદ્ર પાસે બ્રેન્ટ ક્રુડ ઓઈલ ઉદ્દભવે છે, જ્યારે WTIનો ઉદ્દભવ યુ.એસ. ઓઈલ ફિલ્માંથી થાય છે. જેમાં મુખ્યત્વે ટેક્સાસ, ઉત્તર ડકોટા અને લુસીઆનાનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (1) તથા (2) સાચાં છે.)

⇛ WTIમાં સલ્ફરનું પ્રમાણ 0.24% જેટલું છે જ્યારે બ્રેન્ટમાં સલ્ફરનું પ્રમાણ 0.37% છે. આથી WTIમાં સલ્ફરનું પ્રમાણ ઓછું હોવાથી તેને 'વધુ મીઠું' (Sweeter) ગણવામાં આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ બન્ને પ્રમાણમાં હળવા છે પરંતુ બન્ને પૈકી વધુ હળવું WTI છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ 'બ્રેન્ટ ક્રુડ'ના ભાવને OPEC દ્વારા બેન્ચમાર્ક તરીકે ગણવામાં આવે છે, જ્યારે યુ.એસ.માં બેન્ચમાર્ક તરીકે WTIનો ભાવ લેવામાં આવે છે.

⇛ ભારત મુખ્યત્વે OPECમાંથી જ તેલની આયાત કરે છે. આથી ભારત માટે 'બ્રેન્ટ' બેન્ચમાર્ક તરીકે વપરાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(4) ઝુનોસીસ (Zoonoses) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) પ્રાણીઓમાંથી મનુષ્યમાં પ્રસરતા રોગને 'ઝુનોસીસ' કહે છે.
(2) ઝિકા વાયરસ એ ઝુનોસીસનું ઉદાહરણ નથી.
(3) પાલતું પ્રાણી કે પશુઓમાં ઝુનોસીસનું પ્રમાણ ખૂબ ઓછું (આશરે 8%) હોય છે.
(4) UNEPના એક અભ્યાસ મુજબ મનુષ્યને થતાં 60% ચેપી રોગનો ઉદ્‌ભવ પ્રાણીઓમાંથી થાય છે.

(A) માત્ર (1), (3) અને (4)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2)
(D) માત્ર (1) અને (4)

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ UNEP (યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ)એ કરેલાં એક અભ્યાસ મુજબ મનુષ્યને થતાં 60% ચેપી રોગનો ઉદ્‌ભવ પ્રાણીઓમાંથી થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ પ્રાણીઓમાંથી મનુષ્યમાં પ્રસરતા રોગને 'ઝુનોસીસ' કહે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ઝુનોસીસના કેટલાક ઉદાહરણો : ટ્યુબરક્યુલોસીસ, ઈબોલા, વેસ્ટ નાઈલ વાયરસ, ઝિકા વાયરસ, COVID-19 વગેરે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ UNEPએ 2016માં જણાવ્યું હતું કે મનુષ્યમાં નવા ઊભરતાં ચેપી રોગ પૈકી 75% ચેપી રોગ ઝુનોસીસ પ્રકારના છે.

⇛ પાલતું પ્રાણીઓ પણ ઝુનોસીસના યજમાન હોય છે અને ઓળખાયેલા ઝુનોસીસ પૈકી 50% ઝુનોસીસ ચેપનું વહન પાલતું પ્રાણીઓ દ્વારા થઈ શકે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(5) "Global Report On Food Crisis 2020" વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ તાજેતરમાં વર્લ્ડ ફુડ પ્રોગ્રામ (WFP) દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.
(2) ખાદ્ય અસલામતી અનુભવતા લોકોની સંખ્યા વર્ષ 2020માં બમણી થઈ જશે.
(3) ખાદ્ય સુરક્ષા બાબતે સૌથી ખરાબ અસર ઈટલી તથા ફ્રાંસમાં જોવા મળશે.
(4) વર્ષ 2019માં આશરે 13.5 કરોડ લોકોએ ગંભીર ખાદ્ય અસલામતી અનુભવી હતી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રની એક સંસ્થા વર્લ્ડ ફુડ પ્રોગ્રામ (WFP) દ્વારા ખાદ્ય સુરક્ષા માટેનો એક રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે જેનું નામ 'Global Report On Food Crisis 2020' છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રિપોર્ટ 'Global Network Against Food Crises' નામની સંસ્થા દ્વારા બનાવવામાં આવ્યો છે.

⇛ આ રિપોર્ટ મુજબ, COVID-19ના કારણે થયેલી આર્થિક અસરના કારણે વર્ષ 2020માં ગંભીર ખાદ્ય અસલામતી અનુભવતા લોકોની સંખ્યા બમણી (26.5 કરોડ જેટલી) થશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વર્ષ 2019માં 55 દેશોના 13.5 કરોડ જેટલા લોકોએ ગંભીર ખાદ્ય અસુરક્ષા અનુભવી હતી. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વર્ષ 2020માં યેમેનમાં સૌથી ખરાબ ખાદ્ય સુરક્ષા તથા કુપોષણની પરિસ્થિતિ જોવા મળશે કારણ કે અહીં 1.7 કરોડથી વધુ લોકો ગંભીર ખાદ્ય અસલામતી અનુભવશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT